# ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

"વિદ્યાયન", સેક્ટર-10-એ, ગાંધીનગર-382010.

પત્રક્માંક: પપમ/IT/901-34
તારીખ: 09 FEB 2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા - તમામ.

વિષયઃ ઓન-લાઈન ટેક્સ્ટબુક ઈન્ડેન્ટ સિસ્ટમ દ્વારા માહિતી આપવા બાબત.

શ્રીમાન,

સવિનય ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર શૈક્ષણિક વર્ષઃ 2021-22 માટે ઓન-લાઈન ટેક્સ્ટબુક ઈન્ડેન્ટ સિસ્ટમ દ્વારા વિના-મુલ્યના પાઠ્યપુસ્તકોની માંગણી સ્વીકારશે. રાજ્યની સરકારી, અનુદાનિત, કે.જી.બી.વી., મોડેલ સ્કુલ અને આશ્રમશાળાઓ પોતાના UDISE કોડથી gsbstb.online વેબસાઈટ પર ઓન-લાઈન રજીસ્ટ્રેશન કરી વર્ષઃ 2020-21ની CTS સંખ્યાને ધ્યાને લઈ વિના-મુલ્યના પાઠ્યપુસ્તકોની માંગણી કરશે.

આપના જિલ્લામાંના શાળા વિકાસ સંકુલ દ્વારા વિષય અને માધ્યમ પ્રમાણે ધોરણ 9 થી 12ના પાઠ્યપુસ્તકની જરૂરીયાત માટે ઓન-લાઈન ડેટા ચકાસણી કરી એન્ટર/સબમીટ/કન્ફર્મ કરવાની કામગીરી તા.15/02/2021 થી તા.28/02/2021, 23.59 કલાક સુધીમાં શાળા વિકાસ સંકુલના કન્વિનરશ્રી દ્વારા SVS કક્ષાએથી પુર્ણ કરવાની રહેશે.

**શાળા વિકાસ સંકુલના કાર્યક્ષેત્રમાં આવતી ધો.9 થી 12 માટે વિના-મુલ્ય પાઠ્યપુસ્તક મેળવનાર શાળાઓની માંગણી શાળા વિકાસ સંકુલના કન્વિનરશ્રી દ્વારા ચકાસવાની રહેશે.** ઉપરોક્ત મળેલ તમામ શાળાઓ માટેના પાઠ્યપુસ્તકની જરૂરીયાતની ચકાસણી માન.કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે અને ત્યારબાદ પાઠ્યપુસ્તકો શાળા વિકાસ સંકુલ સુધી પહોંચાડવાની કામગીરી શરૂ કરવામાં આવશે.

**ઉપરોક્ત તમામ કામગીરી અંગેની સુચનાઓ gsbstb.online વેબસાઈટ પરથી મેળવી શકાશે.**

**આમ, શૈક્ષણિક વર્ષ:2021-22 માટેના પાઠ્યપુસ્તકોની જરૂરીયાતની માહિતી કન્ફર્મ કરવાની આપની કક્ષાએથી થનાર કામગીરી તા.03/03/2021 સુધીમાં આપના જિલ્લાના લોગીનમાં જઈ પુર્ણ કરવા આપશ્રીને જાણ કરવામાં આવે છે.**

ના.નિયામક(વ.વિ.)
ગુ.રા.શા.પા.પુ.મંડળ,
ગાંધીનગર

સવિનય નકલ રવાનાઃ
- માન.અગ્રસચિવશ્રી, (એજ્યુ.) બ્લોક નં.5, નવા સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.9, ડૉ.જે.એમ.ભવન, ગાંધીનગર.
- ના.નિયામકશ્રી(વ.વિ.), અત્રેની કચેરી, ગાંધીનગર.

GS
BS
TB
IT
12
0/
20

# Online Textbooks Indent System : 2021-22

## જિલ્લા(DEO/DPEO/AO) કક્ષાએથી કામગીરી કરવાની કાર્યપધ્ધતિ:

1. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી પોતાના લોગીનમાં જઈ શાળા વિકાસ સંકુલ/તાલુકા/નગરપાલિકા મુજબ શાળાવાર ઉપરોક્ત તમામ માહિતી જોઈ અને તેની ચકાસણી કરી શકશે.
2. શાળાઓ તરફથી માહિતી એન્ટર થયા બાદ આપના જિલ્લાના તમામ શાળા વિકાસ સંકુલ/તાલુકા/નગરપાલિકાની ડેટા ચેક કરવાની કામગીરી શરૂ, કાર્યરત કે પુર્ણ કરેલ હોય તથા તમામ શાળા વિકાસ સંકુલ/તાલુકા/નગરપાલિકાના અધિકારીશ્રીએ કન્ફર્મેશન આપેલ છે. જે Status જિલ્લા/નગરપાલિકાના લોગીનમાં જઈ જોઈ શકાશે.
3. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી / જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી જિલ્લાના તમામ તાલુકા / શાળા વિકાસ સંકુલ **'કન્ફર્મ એન્ડ લોક'** થયા બાદ અને રીપોર્ટ ચકાસણી કર્યા બાદ જ જિલ્લાના લોગીન રીપોર્ટમાં **"Confirm and Lock"** પર ક્લીક કરવાથી આપના જિલ્લાની માહિતી લોક થશે.
4. શૈક્ષણિક વર્ષ:2021-22 માટેના પાઠ્યપુસ્તકોની જરૂરીયાતની માહિતી કન્ફર્મ કરવાની આપની કક્ષાએથી થનાર કામગીરી પત્રમાં સુચવેલ સમયમર્યાદામાં આપના જિલ્લાના લોગીનમાં જઈ આપશ્રીએ પુર્ણ કરવાની રહેશે.
5. જિલ્લા કક્ષાએથી કન્ફર્મ કરેલ માહિતી રાજ્ય કક્ષાએ ચકાસણી કર્યા બાદ પાઠ્યપુસ્તકો શાળા વિકાસ સંકુલ/તાલુકા/નગરપાલિકા પર મોકલવાની કામગીરી શરૂ થશે.

* * * * *

જા.નં - 1790
તારીખ - 11/02/2021
શાખા - હિસાબ

પ્રતિ,
આચાર્યશ્રીઓ

સુરત જિલ્લાની સરકારી, અનુદાનિત, કે.જી.બી.વી મીક્ષ સ્કુલ આશ્રમશાળાઓ ઇન્ડેન્ટ પત્ર અપલોડની કામગીરી આપની કક્ષાએ સમય-મર્યાદામાં કરવા જાણ તથા અમલ સારુ—

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ. સુરત

GS
BS
TB
IT
12
4/
2.